પાટીદાર પત્રિકા નંબર ૪

શું પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠરાશે ?

પીરાણા સતપંથી કણબી ભાઇઓને ખાસ ચેતવણી.

ભાઇઓ,

તમોએ તમારા આગેવાનોને દેશમાંથી તેડાવ્યા તે એ આશાએ કે જો આગેવાનો આવે તો આ મંડળવાળાઓ જે પીરાણાની પાડ કાઢી રહ્યા છે તેને કાંઇક જવાબ દે પણ બન્ધુઓ! તમો ભુલ્યા છો તમો તમારૂં બધું બળ એકત્રીત કરીને ગરીબ ભાઇઓને પૂછ્યા સિવાય દેશમાંથી આગેવાનો તથા પીરાણેથી કાકાઓ વિગેરેને તેડાવી તેઓને ગાડી-ઘોડા, મોટર, નાટક-સીનેમાઓમાં ખુબ ઘુમાવ્યા, માલ મલીદા પણ ખુબ ખવરાવ્યા અને અંતે જતી વખતે પગે પડીને ખરચીના પઇસાઓ પણ ખુબ આપ્યા. છતાંપણ તેઓ તો તમોને ધીરજ રાખવાનું કહી કહીને અંતે આજે પાચ વરસ પહેલાના જુના પેપરના ઉતારા ખોટા સાચા ભેગા કરીને એ કાગળીઆઓ છપાવીને તમારા હાથમાં આપી ગયા જેને વાંચીને તમો માંહોમાંહે ખુબ હરખાઓ છો પણ વિચાર કરો. ઓ અમારા મુરખ બન્ધુઓ! તમારા એ કહેવાતા આગેવાનો આવ્યા ત્યારે જ તમારી સામે સવાલ ઉભો થયો છે કે તમો સતપંથી "હિન્દુ છો કે મુસલમાન" તેનો જવાબ આપવાના ઠેકાણે તમારા એ આગેવાનોએ જે નનામું ચીથરીઉં છપાવ્યું તે છપાવ્યું તો ખરૂં પણ અહીં અમારી સામે તેને વેચવાની હીંમત ન ચાલી. ત્યારેજ આગબુટમાં બેસીને પછે વેચ્યાં કારણકે તેઓ તો જાણતાજ હતા કે આ અમારૂં ધતીંગ છે તે જો અમો આહી હશું ને ભાઇઓને આપશું તો તેના સંબંધમાં કોઇક સાચું કહી દેશે તો અમારૂં કાવતરૂં પકડાઇ જશે અને અમોએ જે આજ દિવસ સુધી માલ મલીદા ખાધા છે ને મોટર ઘોડા ગાડીની મોજો માણી છે તે ભારે પડી જશે.

ભાઇઓ! દુનિયાં સારી પેડે હવે જાણી ગઇ છે કે તમારા તે આગેવાનો પોતાના પીરને પગલે ચાલી આટલા દિવસ સુધી હિન્દુ જનતાને કેમ ઠગી છે પણ હવે એ તમારૂં પાપ તમોને ડંખે છે તેથીજ તમોને જે તમારી પરિસ્થીતી જાણે છે કે તમો તથા તમારા આગેવાનો કયા ધર્મને માનનારા છો તે મંડળવાળાને તમો મો ફાટતી ગાળો આપો છો ફીકર નહિ ભાઇઓ તમારા જેવાં અર્ધદગ્ધ ખીચડીઆ પંથને માનનારા બંધુઓ તરફથી બીજી કઇ સારી વસ્તુની આશા રાખી શકાય

કોઇપણ સમજદાર ભાઇ તમોને પુછે કે પટેલ તમો કયા ધર્મને માનો છો? તો તમો જોરથી મોઢું ફાડીને ઝટ કહી દયો છો કે ચાલ્યો જા અમો ગમે તે ધર્મને માનતા હોઇએ તેમાં તારે શું? ખબરદાર જો અમારા ધર્મની વાતજ કરી છે તો તને અમો છુટથી સંભળાવી દેશું. (શું ગાળો.)

ભાઇઓ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવું જો સાબીત હોય તો તમારા જે આગેવાનોએ આ ચાથરીઉં છપાવ્યું છે તેને મોકલો પીરાણે કે જ્યાં સૈયદ પુંજામીયા હુશેનમીયા રહે છે. કે જે જાહેર કરે છે કે જો પીરાણાપંથ હિન્દુ ધર્મ છે એવું સાબીત કરી આપે તેને રૂપીયા ૫૦૦૧નું ઇનામ આપવામાં આવશે. તેથી હિન્દુ ધર્મ છે એવું સાબીત કરો ને લ્યો ઇનામ.

બંધુઓ! તમોએ તમારા આગેવાનોને તેડાવ્યા તેથી તે આવ્યા અને જે કાગળીઓ છપાવી તમોને આપી ગયા છે. તેમાં અકોલા હિન્દુ મહામભાના કાર્યધ્યક્ષ ડો. મુંજે એ ત્યાં ઠરાવ કર્યો છે તે વાંચીને તમોએ માની લીધું કે પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠર્યો છે પણ ભાઇઓ તે ઠરાવ તમારા આગેવાનો નાજ છપાવેલ કાગળીઆમાં વાંચો તો તમોને ખબર પડે.

જુઓ તેઓ હિન્દૂ અને હિન્દૂ જ્યોતી તા. ૨૦-૯-૩૧ના અંકનું પાનામા લખે છે કે જેનો ઉતારો તમારા નનામાં છપાવેલ લેખમાં તમારા એ આગેવાનોએ પણ આપ્યા છે. તે આંખ ખોલીને વાંચો.

અખીલ ભારતીય હિન્દુ મહાસભાના અકોલાના કાર્યધ્યક્ષ ડો. મુંજે એ ખાન દેશના લેવા પાટીદાર જેઓ સતપંથીઓ છે તેમના સંબંધમાં નીચેનું પ્રમાણ પત્ર આપ્યું છે.

અમારી પાસે રજુ કરવામાં આવેલા લેખિત પુરાવા ઉપરથી અમારો સપસ્ટ અભિપ્રાય એવો છે કે ખાનદેશની લેવા પાટીદાર જ્ઞાતિએ સ્વીકારેલો સતપંથ વેદ વિરૂધ નથી માટે તેમના જ્ઞાતિ બંધુઓએ તેમની સાથેનો વિરૂધ હોય તો તે મુકી દઇ તેમની સાથેનો રોટી બેટીનો પુનઃ વ્યવહાર ચાલુ રાખવો.

આવો ચોખો ખુલાશો તે વખતે પરિષદના કાર્યકર ડો. મુંજે તરફથી બહાર પાડવામાં આવ્યો છે છતાં પણ તમો બીલકુલ અંધ થઇને હરખાઓ છો. તેથી તમારી મુરખાઇની તો હવે હદજ આવી જાય છે.

ભાઇઓ! ડો. મુંજે એ સતપંથને વેદિક ધર્મ કહીને સતપંથીઓને વેદાનુયાયીઓ કહ્યા છે પણ તે તમને નહિ પણ ખાનદેશ તથા ગુજરાતી લેવા પાટીદારોને કારણ કે તેઓ પોતાના બાળકોને વેદ વીધી અનુસાર ચોરી બાંધી પરણાવે છે તથા મુડદાને પણ હિન્દુ રીવાજ મુજબ અગ્ની સંસ્કાર કરે છે. ત્યારે તમો કચ્છવાસી

પાટીદાર પત્રિકા નંબર ૪

શું પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠરાશે ?

પીરાણા સતપંથી કણબી ભાઇઓને ખાસ ચેતવણી.

વ્હાલા ભાઇઓ,

તમોએ તમારા આગેવાનોને દેશમાંથી તેડાવ્યા તે એ આશાએ કે જો આગેવાનો આવે તો આ મંડળવાળાઓ જે પીરાણાની પાડ કાઢી રહ્યા છે તેને કાંઇક જવાબ દે પણ બન્ધુઓ! તમો ભુલ્યા છો તમો તમારૂં બધું બળ એકત્રીત કરીને ગરીબ ભાઇઓને પૂછ્યા સિવાય દેશમાંથી આગેવાનો તથા પીરાણેથી કાકાઓ વિગેરેને તેડાવી તેઓને ગાડી-ઘોડા, મોટર, નાટક-સીનેમાઓમાં ખુબ ઘુમાવ્યા, માલ મલીદા પણ ખુબ ખવરાવ્યા અને અંતે જતી વખતે પગે પડીને ખરચીના પઇસાઓ પણ ખુબ આપ્યા. છતાંપણ તેઓ તો તમોને ધીરજ રાખવાનું કહી કહીને અંતે આજે પાચ વરસ પહેલાના જુના પેપરના ઉતારા ખોટા સાચા ભેગા કરીને એ કાગળીઆઓ છપાવીને તમારા હાથમાં આપી ગયા જેને વાંચીને તમો માંહોમાહે ખુબ હરખાઓ છો પણ વિચાર કરો. ઓ અમારા મુરખ બન્ધુઓ! તમારા એ કહેવાતા આગેવાનો આવ્યા ત્યારે જ તમારી સામે સવાલ ઉભો થયો છે કે તમો સતપંથી "હિન્દુ છો કે મુસલમાન" તેનો જવાબ આપવાના ઠેકાણે તમારા એ આગેવાનોએ જે નનામું ચીથરીઉં છપાવ્યું તે છપાવ્યું તો ખરૂં પણ આહીં અમારી સામે તેને વેચવાની હીંમત ન ચાલી. ત્યારેજ આગબુટમાં બેસીને પછે વેચ્યાં કારણકે તેઓ તો જાણતાજ હતા કે આ અમારૂં ધતીંગ છે તે જો અમો આહી હરીં ને ભાઇઓને આપશું તો તેના સંબંધમાં કોઇક સાચું કહી દેશે તો અમારૂં કાવતરૂં પકડાઇ જશે અને અમોએ જે આજ દિવસ સુધી માલ મલીદા ખાધા છે ને મોટર ઘોડા ગાડીની મોજો માણી છે તે ભારે પડી જશે.

ભાઇઓ! દુનિયાં સારી પેઠે હવે જાણી ગઇ છે કે તમારા તે આગેવાનો પોતાના પીરને પગલે ચાલી આટલા દિવસ સુધી હિન્દુ જનતાને કેમ ઠગી છે પણ હવે એ તમારૂં પાપ તમોને ડંખે છે તેથીજ તમોને જે તમારી પરિસ્થીતી જાણે છે કે તમો તથા તમારા આગેવાનો કયા ધર્મને માનનારા છો તે મંડળવાળાને તમો મો ફાટતી ગાળો આપો છો ફીકર નહિ ભાઇઓ તમારા જેવાં અર્ધદગ્ધ ખીચડીઆ પંથને માનનારા બંધુઓ તરફથી બીજી કઇ સારી વસ્તુની આશા રાખી શકાય

કોઇપણ સમજદાર ભાઇ તમોને પુછે કે પટેલ તમો કયા ધર્મને માનો છો? તો તમો જોરથી મોઢું ફાડીને ઝટ કહી દયો છો કે ચાલ્યો જા અમો ગમે તે ધર્મને માનતા હોઇએ તેમાં તારે શું? ખબરદાર જો અમારા ધર્મની વાતજ કરી છે તો તને અમો છુટથી સંભળાવી દેશું. (શું ગાળો.)

ભાઇઓ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવું જો સાબીત હોય તો તમારા જે આગેવાનોએ આ ચીથરીઉં છપાવ્યું છે તેને મોકલો પીરાણે કે જ્યાં સૈયદ પુંજામીયા હુશેનમીયા રહે છે. કે જે જાહેર કરે છે કે જો પીરાણાપંથ હિન્દુ ધર્મ છે એવું સાબીત કરી આપે તેને રૂપીયા ૫૦૦૧નું ઇનામ આપવામાં આવશે. તેથી હિન્દુ ધર્મ છે એવું સાબીત કરો ને લ્યો ઇનામ.

બંધુઓ! તમોએ તમારા આગેવાનોને તેડાવ્યા તેથી તે આવ્યા અને જે કાગળીઓ છપાવી તમોને આપી ગયા છે. તેમાં અકોલા હિન્દુ મહાસભાના કાર્યધ્યક્ષ ડો. મુજે એ ત્યાં ઠરાવ કર્યો છે તે વાંચીને તમોએ માની લીધું કે પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠર્યો છે પણ ભાઇઓ તે ઠરાવ તમારા આગેવાનો નાજ છપાવેલ કાગળીઆમાં વાંચો તો તમોને ખબર પડે.

Hindu Sabha resolution is meaningless

જુઓ તેઓ હિન્દુ અને હિન્દુ જ્યોતી તા. ૨૦-૯-૩૧ના અંકનું પાનામા લખે છે કે જેનો ઉતારો તમારા નનામાં છપાવેલ લેખમાં તમારા એ આગેવાનોએ પણ આપ્યા છે. તે આંખ ખોલીને વાંચો.

અખીલ ભારતીય હિન્દુ મહાસભાના અકોલાના કાર્યધ્યક્ષ ડો. મુજે એ ખાન દેશના લેવા પાટીદાર જેઓ સતપંથીઓ છે તેમના સંબંધમાં નીચેનું પ્રમાણ પત્ર આપ્યું છે.

અમારી પાસે રજુ કરવામાં આવેલા લેખિત પુરાવા ઉપરથી અમારો સપસ્ટ અભિપ્રાય એવો છે કે ખાનદેશની લેવા પાટીદાર જ્ઞાતિએ સ્વીકારેલો સતપંથ વેદ વિરૂધ નથી માટે તેમના જ્ઞાતિ બંધુઓએ તેમની સાથેનો વિરૂધ હોય તો તે મુકી દઇ તેમની સાથેનો રોટી બેટીનો પુનઃ વ્યવહાર ચાલુ રાખવો.

આવો ચોખો ખુલાશો તે વખતે પરિષદના કાર્યકર ડો. મુજે તરફથી બહાર પાડવામાં આવ્યો છે છતાં પણ તમો બીલકુલ અંધ થઇને હરખાઓ છો. તેથી તમારી મુરખાઇની તો હવે હદજ આવી જાય છે.

ભાઇઓ! ડો. મુજે એ સતપંથને વેદિક ધર્મ કહીને સતપંથીઓને વેદાનુયાયીઓ કહ્યા છે પણ તે તમને નહિ પણ ખાનદેશ તથા ગુજરાતી લેવા પાટીદારોને કારણ કે તેઓ પોતાના બાળકોને વેદ વીધી અનુસાર ચોરી બાંધી પરણાવે છે તથા મુડદાને પણ હિન્દુ રીવાજ મુજબ અગ્ની સસ્કાર કરે છે. ત્યારે તમો કચ્છવાસી

પીરાણાપંથી કણબી ભાઇઓ તો તમારા બાળકોને સાફ બીસમીલાહના કલમાંથી નીકા પડાવો છો અને મુડદાને મુસલમાની રીવાજ મુજબ દાટી તેના ઉપર આરસી મજાની પથર કે સીમેંટની કબરો કરી ઉપર માનતાઓ કરો છો. અને કબ્રસ્તાનમાં બેસી લાપસીઓ રાંધીને ત્યાં ખાઓ છો. આવા રીવાજો પાળનાર કદી વેદાનુયાયી કહેવાતા હશે? બીચારા ડો. મુજેને પણ તમારા ખાનદેશના સતપંથીઓએ જે લેખીત પુરાવા રજુ કર્યાં છે. તે મુજબજ તેણે ઠરાવ કર્યો છે પણ જો તેના પાસે આખી બાબત પીરાણા સતપંથની રજુ કરવામાં આવે તો તે પણ એવો અભિપ્રાય આપે કે જગત જુએ.

ભાઇઓ! આના સંબંધમાં તો મંડળ તરફથી તમોને જે પરસાદી મળવા યોગ્ય હશે તે મળશેજ માટે તો તમો ભાઇઓને ખાસ ચેતાવવા પડે છે કે મહેરબાની કરી તમારા આગેવાનોના આ એક તમાસો અને નનામા છપાવેલ ચીથરીઆ ઉપર ઘણી કુદા કુદ કરવી રહેવા દયો નહિતો કોઇ અન્ય જ્ઞાતિના હિન્દુ ભાઇને ખબર પડશે તો પછી તમારૂં પોકલ બધુ ખુલી જશે અને તમો વળી પાછા હડધુત થાઓકો તેથી વિશેષ થશો.

ભાઇઓ આ શું બધુ ખોટું છે? તમો તમારા છોકરાંઓને મુસલમાની કલમાં ફરમાનજી **બીસમીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર ઇમામશાહ સુત નરઅલી મહમદશાહ** મનારી દુવા ભણી પછી **હકલાયલા ઇલ્લા મહમદ રસુલ્લીલાહ** કહી છોકરાંને કાંકણ (હથેવાળા) નથી આપતા? તેમજ કોઇપણ માણસ નાનું કે મોટું મરી જાય જ્યારે તેને નનામી (ઠાંઠડીમાં) સુવાડતી વખતે દરૂદ કલમો પડી પછીથી કાંધીઆઓ ઉપાડે ત્યારે શું તોબા તોબા નથી કરતા? અને કબ્રસ્થાનમાં ખાડો ખોદી મુડદાને કબરમાં સુવાડતી વખતે શું બીસમીલ્લાનો કલમો નથી બોલતા? વળી તેને દાટી ચાલીસ ડગલાં-પગલાં ચાલી વળી પાછા તમો એજ કલમાઓ નથી બોલતા? તેમજ તેને ત્રીજે દિવસે તે જીવની પાછળ જારત તથા ખથમો (ત્રીજા દીવસનું જમણ શું નથી કરતા? વળી તમો શું રોજા નથી રાખતા? શું તમો પીરનો ઓરસ નથી કરતા? આ બધું શું ખોટું છે? આટલુંજ અમો પણ વેદ વીરૂધ માનીએ છીએ અને તેજ તમોને કાઢવાનું કહીએ છીએ એટલું જો કાઢી નાખો તો તમો પણ સોટચના સોના જેવા જ પુરા હિન્દુ છો. પણ જ્યાંસુધી એ ન કાઢો ત્યાંસુધી ચોખા મુસલમાન કહેવાશો. તમો પુછો કે આ ઉપરની ક્રિયા કરનાર કોઇપણ માણસ વેદધર્મી કહેવાય? તો એક મુરખ માણસ પણ સાફ નાજ પાડી દેશે છતાં પણ ડો. મુજે જે ઠરાવ કર્યો છે તે તમારી હમેશની પ્રપંચ જાળમાં ફસાઇનેજ તે બીચારાને તો તમોએ જે લેખીત પુરાવા આપ્યા છે તે ઉપરથીજ તેણે જાણ્યું કે ખાનદેશ તથા ગુજરાતના લેવા પાટીદારો કરે છે. તેટલુંએ જો કરતા હોય તો હરકત નહિ પણ ઉપર મુજબ તેને ચોખું તમો કહી દયો તો તેપણ જરૂરથી વિચાર કરે કે હંસના પીછામાં આનો કાગડા છે. સાધુઓને ભગવા લુગડાં પહેરાવીને હિન્દુ જનતાને ઠગે છે તેથી તેમના દરેક પ્રકારના હિન્દુ વ્યવહાર બંધજ કરવા જોઇએ જગત ગુરૂ શંકરાચાર્યે જ્યારે તમારૂં આ બધું ભોપાળું જાણ્યું ત્યારેજ ઠરાવ કર્યો કે **સતપંથીઓને હિન્દુ તરીકે ન** ગણવા તે શું ગેરવ્યાજબી છે? ના બીલકુલ નહિ જ્યાં સુધી ઉપરના રીવાજો તમોમાં ચાલુ હોય ત્યાં સુધી તે બીલકુલ વ્યાજબીજ છે. તમો ભાઇઓ ખુબ ઠગાણા છો લુટાણા છો તમો એ તમારૂં ધર્મ અને ઇજત બહુ ગુમાવી છે તેથી તમો તમારી આંખને ઉઘાડો અને જો ભગવાને તમોને અકલનો એક છાંટો પણ આપ્યો હોય તો મુરખાઇનો પસ્તાવો કરો કે જેથી આટલા દીવસ તમો હિન્દુ જનતાને છેતરી છે તેનું પાપ તેઓ અને અદલ ઇનસાફી ઇશ્વર તમોને માફ કરે આટલીજ તમોને મેં ચેતવણીરૂપે ખબર કરી છે તેથી સતપંથી માગ જ્ઞાતિ ભાઇઓ વિચાર કરશો અને થએલી ભુલનો પસ્તાવો જાહેર કરશો. એજ.

નશરવાનજીની મીલની બાજુમાં હરચંદરાય
પ્લોટ નંબર ૧૫, લોરન્સ રોડ, કરાચી.
તારીખ, ૬ઠી ફેબરૂઆરી ૧૯૩૭

લી૦ જ્ઞાતિનો અદના સેવક,

પટેલ રૈયા નાગજી ચોધરી.

ગામ નખત્રાણાવાળા.

તા. ક—મારી પત્રિકાઓ વાંચી મને દેશમાંથી કેટલાક ભાઇઓના ધન્યવાદના કાગળો આવે છે તેથી હું સરવે ભાઇઓનો ઉપકાર માનું છું. અને સાથે કહું છું કે એ ધન્યવાદ મને અને આખી જ્ઞાતિના ભાઇઓને જાગ્રત કરનાર ભાઈ નારાયણજી રામજીને આપવા જોઇએ.

હર્ષ પ્રીન્ટીંગ પ્રેસ, કરાચી.